# પંદરમી ગુજરાત વિધાનસભા
## કામકાજ સલાહકાર સમિતિ
## છઠ્ઠો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બે બેઠક વચ્ચેના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને જરૂર પડ્યેથી ગૃહનો સમય લંબાવીને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૪નું ગુજરાત ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક.

**૨.** સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક ચર્ચા માટે હાથ ધરવું નહી.

**૩.** ગુરુવાર, તા.૨૯/૦૨/૨૦૨૪ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

| | |
|---|---|
| **ગુજરાત વિધાનસભા સચિવાલય,** | **શંકરભાઇ ચૌધરી** |
| **ગાંધીનગર.** | **પ્રમુખ,** |
| **તારીખઃ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪** | **કામકાજ સલાહકાર સમિતિ.** |